પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## "કરફ્યુ હુકમ"

### ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

### નંબર-વિ.શા/જાહેરનામું/એ-સેકશન/૯૧/૨૦૨૧ તા.૧૧/૦૭/૨૦૨૧

વંચાણે લીધા:-(૧) ગુજરાત સરકાર ગૃહવિભાગ ના પત્ર ક્રમાંક:વિ-૧/કઅવ /૧૦૨૦૨૦ /૧૦૪૦ તા. ૦૮/૭/૨૦૨૧ તથા;

(૨).ના.પો.કમિ.શ્રી ઝોન-૫ અમદાવાદ શહેરના ગુપ્ત પત્ર ક્રમાંક /જી /૭૨૫ /ઝોન-૫ /૨૩૭૦/૨૦૨૧ તા.૧૧/૦૭/૨૦૨૧ આધારે.

રાજયમાં પ્રતિવર્ષ અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથજીની પરંપરાગત રીતે રથયાત્રા/ શોભાયાત્રા કાઢી હર્ષ અને ઉલ્લાસ સાથે આ તહેવારની ઉજવણી કરવામાં આવે છે. ચાલું વર્ષે રાજયમાં COVID-19 સંક્રમણની પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ ભગવાન જગન્નાથજીની પરંપરાગત રથયાત્રા/ શોભાયાત્રાને કાઢવા માટે જરૂરી શરતો/ નિયંત્રણો રાખી ઉકત હુકમ આધારે ગુજરાત સરકાર દ્વારા મંજુરી આપવામાં આવેલ છે.

આગામી તા.૧૨.૦૭.૨૦૨૧ના રોજ શ્રીરામજી મંદિર સિંગરવા અમદાવાદ શહેર ખાતેથી ભગવાન જગન્નાથજીની ૩૮ મી રથયાત્રા નીકળનાર છે. આ રથયાત્રા અમદાવાદ શહેરના સિંગરવા રામજી મંદિરેથી નીકળી વડવાળી ચાલી થઇ મકાઇ મીલ થઇ એસ.ટી.સ્ટેન્ડ થઇ સીગરવા ત્રણ રસ્તાથી સીગરવા ગામ મહાદેવજીથી મારુતી સોસાયટી થઇ કણભા નિજ મંદિરે જશે. અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આ સમગ્ર માર્ગ સિંગરવા ગ્રામ પંચાયતના વિસ્તાર હેઠળ આવે છે. આ રથયાત્રાના પર્વમાં શ્રધ્ધાળુ ઓ ભગવાનના દર્શન કરવા પોતાના ઘરમાંથી મોટી સંખ્યામાં બહાર નીકળી રોડ ઉપર ભેગા થતા હોય છે. હાલના સંજોગોમાં લોકો રથયાત્રા રૂટ ઉપર આ રીતે ભેગા થઇ ઉભા રહે તો COVID-19 સંક્રમણ ફેલાવવાની પુરેપુરી શકયતા રહેલ છે. જે સંક્રમણને અટકાવવા સારુ લોકો એકબીજાના સંપર્કમાં ન આવે તે ખાસ જરૂરી છે. જેથી અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળ આવતા નિકોલ પો.સ્ટે.તથા ઓઢવ પો.સ્ટે.વિસ્તારમાં આવતા સિંગરવા ગ્રામ પંચાયતાના વિસ્તાર લોકોના સ્વાસ્થ્યની જાળવણી માટે તેમજ રથયાત્રા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ નીચે જણાવેલ અનુસુચિ-A ના વિસ્તારોમાં જનતાની અવર-જવરને સંપુર્ણ રીતે નિયંત્રિત કરવા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે પગલાં લેવા પ્રવર્તમાન પરિસ્થિતીને લક્ષમાં લઇ જાહેર જનતાના હિતમાં એક તરફી હુકમ કરવા માટે પુરતા કારણો છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ,પોલીસ કમિશ્નર,અમદાવાદ શહેર,ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨નાનોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૭/૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ

ફરમાવું છું કે, નીચે દર્શાવેલ અનુસુચિ વિસ્તારમાં અંદર આવેલ જાહેર માર્ગ પર નીકળવું નહી, કોઈપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, શેરીઓ, ગલીઓ, પેટા ગલીઓમાં તથા જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું-ફરવું નહી.

અનુસુચિ: A

સિંગરવા ગ્રામ પંચાયતનો સમગ્ર વિસ્તાર.

## તારીખ તથા સમય:

તા.૧૨/૦૭/૨૦૨૧ ના સવાર કલાક ૦૬/૦૦ થી કલાક ૧૦/૦૦ વાગ્યા સુધી

## અપવાદ:

નીચે જણાવેલ સેવાઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓને ઉપરોકત હુકમ પાલનમાંથી મુક્તિ આપવામાં આવે છે

1. પોલીસ, હોમગાર્ડઝ, સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, સંરક્ષણ દળ, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, મ્યુનિસિપલ કોર્પોરેશનની આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ વ્યક્તિઓ.
2. ઈલેકટ્રીક મીડીયાકર્મી અને પ્રીન્ટ મીડીયાકર્મી. (એક્રીડેશન કાર્ડ સાથે રાખવાનું રહેશે.)
3. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફથી ફરજના ભાગરૂપે અનિવાર્ય સંજોગોમાં આવવા-જવા માટે ખાસ પરવાનો આપવામાં આવેલ હોય તેવા વ્યક્તિઓ.
4. અમદાવાદ શહેર વિસ્તારમાં ઉપરોક્ત અનુસુચિ (A) માં દર્શાવેલ વિસ્તારમાં બહારથી આવ-જા કરતા મુસાફરોને રેલ્વે ટિકીટ,બસ ટિકીટ તથા એર ટિકિટ રજુ કર્યેથી આવ-જા કરી શકશે.
5. ઇમરજન્સી સર્વિસ એમ્બ્યુલન્સ, બિમાર તથા ઇજા પામેલ વ્યક્તિઓને સારવાર અર્થે લઇ જવા-લાવવા સારૂ ખાનગી વાહનો ઇમરજન્સી સંજોગોમાં આવ-જા કરી શકાશે.
6. રથયાત્રામાં ભાગ લેવા માટેના રથ /વાહન/ પુજારીઓ / ખલાસીઓ /આયોજકો જેઓને પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ મંજુરી આપેલ છે. તેઓ આ સમય દરમ્યાન રૂટ ઉપરથી પસાર થઇ શકશે.

## -:શિક્ષા:-

આ હુકમના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ ૧૮૮ તથા **THE DISASTER MANAGAMENT ACT- 2005** ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ હેઠળ સજાને પાત્ર થશે.

## -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે THE EPIDEMIC DISEASES ACT-1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19

REGULATION, 2020 ની જોગવાઇઓ, INDIAN PENAL CODE-1860 ની કલમ ૧૮૮ તથા THE DISASTER MANAGAMENT ACT- 2005 ની જોગવાઇઓ હેઠળ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૦૭/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.
(૨૦). પોલીસ અધિક્ષકશ્રી અમદાવાદ ગ્રામ્ય
(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૨) જનસંપર્ક અધિ.શ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)
(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨૪) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૫). મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

(૨૬) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૭) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૮ ) પોલીસ ઇન્સ.શ્રી કણભા પોલીસ સ્ટેશન અમદાવાદ ગ્રામ્ય

(૨૯) પો.ઈન્સ. શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(30) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિ.શ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.